દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫

# આંતરરાષ્ટ્રીય સ્તરે બે ઈજ્જતી કરાવવામાં પાકિસ્તાન શાન સમજે છે

તુર્કમેનિસ્તાનમાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને મળવા પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કક્ષની બહાર ૪૦ મિનિટ રાહ જોતા બેસી રહ્યા હતા એ પછી પણ પુતિન મળવા આવ્યા નહીં. રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફને ૪૦ મિનિટ રાહ જોવાની ફરજ પાડી હતી અને પછી તેમને મળવાનો ઇનકાર કર્યો હતો, જેને કારણે આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનને ભારે અપમાનનો સામનો કરવો પડ્યો હતો. તુર્કમેનિસ્તાનની રાજધાની અશ્ગાબાતમાં આયોજિત આંતરરાષ્ટ્રીય શાંતિ અને ટ્રસ્ટ ફોરમમાં ઘણા દેશોના વડાઓએ ભાગ લીધો હતો. એમાં પુતિન અને શાહબાઝ શરીફ પણ હાજર હતા. આ પરિષદની સાઇડલાઇન્સમાં સભ્યદેશોના રાજકારણીઓમાં દ્વિપક્ષીય બેઠકો યોજાઈ હતી, જેમાંથી એક બેઠક શાહબાઝ શરીફ અને વ્લાદિમીર પુતિન વચ્ચે યોજાવાની હતી. શાહબાઝ શરીફ પાકિસ્તાનના વિદેશપ્રધાન ઇશાક ડાર સાથે સમયસર બેઠકસ્થળે પહોંચ્યા અને તેમના સાથીઓ સાથે રશિયન પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિનની રાહ જોઈ. તેમણે લગભગ ૪૦ મિનિટ સુધી પુતિનની રાહ જોઈ. જોકે ટર્કીના પ્રેસિડન્ટ રેસેપ તૈયપ એર્દોગન સાથે દ્વિપક્ષીય બેઠકમાં વ્યસ્ત પુતિન શાહબાઝ શરીફને મળી શક્યા નહીં. લાંબી રાહ જોયા પછી શરીફે ઓછામાં ઓછી થોડી મિનિટો માટે પુતિનને મળવાનું નક્કી કર્યું.

આ ઉતાવળમાં તેઓ એ રૂમમાં પ્રવેશ્યા જ્યાં પુતિન ટર્કીના પ્રેસિડન્ટ રેસેપ તૈયપ એર્દોગન સાથે બંધબારણે વાતચીત કરી રહ્યા હતા. લગભગ ૧૦ મિનિટ પછી શરીફ બહાર આવ્યા હતા. આ ઘટનાથી પાકિસ્તાને સમજી લેવું જોઇએ કે ભલે તેઓ કાશ્મીરના મુદ્દે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને બદનામ કરવાની લાખ કોશિશ કરે પરંતુ આ સ્તરે પાકિસ્તાનનું માન-સન્માન કેટલું છે તે કહેવાની ભારતે જરુર રહેતી નથી. એક તરફ વ્લાદિમિર પુટિન તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન પ્રોટોકોલ તોડીને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમની કારમાં બેસાડવાનો આગ્રહ રાખે છે તો બીજી તરફ પાકિસ્તાનના વડાપ્રધાનને રાહ જોવડાવે છે. તો બીજી તરફ આ સપ્તાહમાં જ એક લંડનનો વીડિયો બહાર આવ્યો છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવી અધિકારીઓને મળવા બ્રિટનના વિદેશ મંત્રાલય પહોંચ્યા હતા. ન્યૂઝ એજન્સી ANIએ આ વીડિયો ક્લિપ પોસ્ટ કરી છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે બ્રિટિશ પોલીસે પાકિસ્તાની ગૃહમંત્રી મોહસીન નકવીની કાર રોકીને તલાશી લીધી હતી. વીડિયોમાં દેખાય છે કે આ કોઈ સામાન્ય રૂટિન ચેકિંગ નહોતું. પોલીસે દરેક ખૂણેથી નકવીની કાર તપાસી હતી. નકવીની કારની તલાશી કેમ લેવામાં આવી એનું કારણ તો સ્પષ્ટ નથી, પણ એવું માનવામાં આવે છે કે બોમ્બ કે ડ્રગ્સના શકમાં પોલીસે આ સર્ચ ઓપરેશન કર્યું હતું. આ ઘટનાએ સાબિત કરી દીધું કે પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સાખ કેવી છે અને દુનિયા ત્યાંના લોકોને કેવી નજરે જુએ છે. પાકિસ્તાનની ફિતરત એવી છે કે ત્યાંની સરકાર, આર્મી અધિકારીઓ, શહબાઝ સરકારના મંત્રીઓ અને સામાન્ય લોકો પર પણ દુનિયા બિલકુલ ભરોસો કરતી નથી. એટલે જ પાકિસ્તાની નેતાઓને વિદેશમાં વારંવાર બેઇજ્જતીનો સામનો કરવો પડે છે. પોતે પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ હોય કે બીજા કેબિનેટ મંત્રીઓ સહિતની ક્યાંકને ક્યાંક બેઇજ્જત થઈ ચૂકી છે. આ નકવી એવું વ્યક્તિત્વ છે જે સામે ચાલીને દુનિયામાં પાકિસ્તાનની ફજેતી કરે છે.

આ પહેલા નકવીએ અશિયા કપમાં પણ શર્મનાક હરકત કરી હતી જે પાકિસ્તાનને જ નહીં પરંતુ સમગ્ર દુનિયાના ક્રિકેટપ્રેમીઓ માટે આઘાતજનક હતી. ટીમ ઇન્ડિયાએ પાકિસ્તાનને હરાવીને એશિયા કપ 2025ની ફાઇનલ મેચ જીતી હતી. આ મેચ પહેલા જ ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્પષ્ટ કહી દીધું હતું કે ટીમ ઇન્ડિયા એશિયા કપની ફાઇનલ મેચ જીતે તો ભારતીય ટીમ ACCના અધ્યક્ષ મોહસિન નકવીના હાથેથી ટ્રોફી નહીં સ્વીકારે. નકવીએ આ જ કારણથી ટ્રોફી તેની સાથે લઈ ગયો હતો.

## અજ્ઞાનતા દૂર કરવા શું કરવું?

એક ગામડાનો અભણ માણસ શહેરમાં આવ્યો. તેને વાંચતાં લખતાં આવડતું ન હતું. તેણે શહેરમાં જોયું કે મોટા ભાગનાં લોકો આંખ પર ચશ્માં પહેરીને છાપું કે મેગેઝીન કે પુસ્તક વાંચતાં. તેણે વિચાર્યું કે જો મારી પાસે આ આંખ પર પહેરવાનાં ચશ્માં હોય તો હું પણ વાંચી શકીશ. મારે એક ચશ્માં ખરીદી લેવાં જોઈએ. માણસે એક પુસ્તક લીધું અને પછી ચશ્માંની દુકાનમાં ચઢી ગયો અને દુકાનદારને ચશ્માં બતાવવા કહ્યું. દુકાનદારે ચશ્માં બતાવ્યાં. એક પછી એક ચશ્માં પહેરીને તે પુસ્તક વાંચવાની કોશિશ કરતો પણ તે કંઈ વાંચી શકતો નહિ. ઘણાં ચશ્માં અજમાવ્યા બાદ પણ તે કંઈ વાંચી શક્યો નહિ એટલે તેણે ગુસ્સે થઈને કહ્યું, ‘‘અરે, આ બધાં ચશ્માં બેકાર છે. કંઈ વંચાતું જ નથી.’’ દુકાનદાર તેની સામે જોઈ રહ્યો, પછી તેણે તેના હાથમાં રહેલું પુસ્તક જોયું તો તે ઊંધું પકડેલું હતું.



ગામડાનો માણસ બડબડ કરી રહ્યો હતો કે, ‘‘ચશ્માં પહેરવાથી બધાં વાંચી શકે,પણ તમારાં ચશ્માં પહેર્યા બાદ મને તો કંઈ વંચાતું નથી.’’ દુકાનદાર પરિસ્થિતિ સમજી ગયો. પછી ધીમેથી બોલ્યો, ‘‘તમને વાંચતાં -લખતાં આવડે છે?’’ માણસે કહ્યું, ‘‘ના મને વાંચતાં લખતાં નથી આવડતું એટલે તો ચશ્માં લેવા આવ્યો છું જે પહેરીને બધા વાંચે છે એટલે હું પણ વાંચી શકું. પણ આ બધાં ચશ્માં બેકાર છે. મને કંઈ વંચાતું જ નથી.’’ ગામડાના ભોળા માણસનો સાચો જવાબ સાંભળી દુકાનદારને હસવું આવ્યું પણ મહાપરાણે હસવું રોકીને તેણે અભણ ગ્રાહકની સમસ્યા સમજીને તેને સમજાવ્યું, ‘‘ભાઈ, બહુ ભોળા છો તમે, આ ચશ્માં પહેરવાથી વાંચતાં આવડી જાય નહિ. ચશ્માં તો આંખોથી અક્ષરોને બરાબર જોવામાં મદદ કરે. વાંચવું હશે તો માત્ર ચશ્માં પહેરવાથી નહિ વાંચી શકાય. પહેલાં બારાખડીના અક્ષરોને ઓળખતાં લખતાં વાંચતાં શીખવું પડશે સમજ્યા.’’ દુકાનદારે સાચી સમજ આપી. આ એક થોડો રમૂજી પ્રસંગ છે પણ સમજણ ઊંડી છે. જેમ લખતાં વાંચતાં જ ન આવડતું હોય તો કોઈ ચશ્માં મદદ કરી શકતાં નથી તેમ જીવનમાં અજ્ઞાનતાનો અંધકાર હોય તો કોઈ દીવાનો પ્રકાશ જીવન પ્રકાશિત કરી શકતો નથી. અજ્ઞાનતા દૂર કરવા માટે કોઈ ચશ્માં હોતાં નથી કે તે પહેરી લેવાથી અજ્ઞાનતા તરત દૂર થઇ જાય. અજ્ઞાનતા દૂર કરવા માટે પાયાની સમજણ કેળવવી પડે છે, મહેનત કરીને જ્ઞાન મેળવવું પડે છે અને જીવનમાંથી જયારે સાચા જ્ઞાનની જ્યોત પ્રગટે છે પછી જ અજ્ઞાનતાનો અંધકાર દૂર થાય છે.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

# ૨૦૨૫માં ભારત-પાકિસ્તાન સંબંધો: તણાવ, સંઘર્ષ અને વ્યૂહાત્મક પડકારો

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ૧૯૪૭ના વિભાજન બાદથી જ વિવાદાસ્પદ રહ્યા છે. આ સંબંધો, ૨૦૨૫માં નવતર વિવાદોના સમંદરમાં ડૂબી ગયા છે. કાશ્મીર વિવાદ, આતંકવાદ, સિંધુ જળ વિવાદ તેમજ પરમાણુ હથિયારો જેવા મુદ્દાઓ બંને પડોશીઓને વારંવાર યુદ્ધના કિનારે લાવ્યા છે. મે ૨૦૨૫ના ચાર દિવસીય સંઘર્ષે આ તણાવને નવી ઊંચાઈ આપી, જે સીધી કે આડકતરી રીતે વૈશ્વિક શક્તિઓ (અમેરિકા, ચીન)ને પણ સામેલ કરે છે. ૨૦૨૫ દરમિયાનનાં વિવાદો, વ્યૂહાત્મક પરિણામો, ફાયદા-ગેરફાયદા અને ભવિષ્યની દિશા પર ધ્યાન કેન્દ્રિત કરીએ તો બંને દેશોમાં આંતરિક સંબંધો તેમજ વિદેશનીતિ પર એની વ્યાપક અસરો જોવા મળે છે.

૨૦૨૫નું વરસ ભારત-પાકિસ્તાન સંબંધોમાં ‘સંઘર્ષનું વર્ષ’ રહ્યું છે, જે એપ્રિલથી શરૂ થયેલા ઘટનાઓથી પ્રભાવિત છે. મુદ્દાસર જોઈએ તો ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ ૨૫ ભારતીય પર્યટકોની હત્યા કરી, જેને ભારતે પાકિસ્તાનપ્રેરિત આતંકવાદી જૂથો સાથે જોડ્યું. ૭ મેના રોજ ભારતે ‘ઓપરેશન સિંદૂર’ નામે પાકિસ્તાન અને પાક-નિયંત્રિત કાશ્મીરમાં આતંકી માળખાંઓને લક્ષ્ય બનાવતાં મિસાઈલ હુમલા કર્યા. પાકિસ્તાને તરત જ ‘ઓપરેશન બુન્યાનુન મર્સૂસ’શરૂ કર્યું, જેમાં ડ્રોન યુદ્ધ અને મિસાઈલ હુમલાઓનો સમાવેશ થયો. આ ચાર દિવસીય (૭-૧૦ મે) સંઘર્ષ બંને પરમાણુ શક્તિઓ વચ્ચેની સૌથી ગંભીર કટોકટી હતી, જેમાં ચીની બનાવટના J-10 જેટ્સ અને અન્ય હથિયારોનો પ્રથમ વખત સીધો ઉપયોગ થયો.

ડોનાલ્ડ ટ્રમ્પના અનેક વખત કહેવા પ્રમાણે ૧૦ મે એ અમેરિકાના હસ્તક્ષેપથી સીઝફાયર થયું. પરંતુ તણાવ વધ્યો. ભારતે સિંધુ જળસંધિ સ્થગિત કરી, વીઝા-મુક્ત મુસાફરી અને અટારી સરહદ બંધ કરી.

> **આ સમગ્ર તણાવથી દક્ષિણ એશિયામાં પરમાણુ યુદ્ધનું જોખમ વધ્યું છે. ચીનની ભૂમિકા વધી છે અને અમેરિકા પણ પાકિસ્તાન તરફ ઢળેલું દેખાય છે. આમ, ભારત-પાકિસ્તાન સંબંધો મે ૨૦૨૫થી વધુ અસ્થિર બન્યા છે**

પાકિસ્તાન સાથેનો વેપાર અટકાવ્યો, વિમાનમાર્ગ બંધ કર્યો. પાકિસ્તાને સિંધુનાં પાણી રોકવાની ભારતની કાર્યવાહીને યુદ્ધની કાર્યવાહી ગણાવી વળતાં જલદ પગલાં લેવાની ચીમકી આપી. નવેમ્બરમાં ભારત-અફઘાનિસ્તાન વેપાર કોરિડોર શરૂ થયો, જે પાકિસ્તાનના વિમાનમાર્ગ પ્રતિબંધને કારણે ઝડપથી પ્રસ્થાપિત થયો.

ડિસેમ્બર ૨૦૨૫માં પાકિસ્તાને બાંગલા દેશ અને ચીન સાથે ત્રિપક્ષીય સહયોગ વધારવાની વાત કરી, જેને ભારતે સંબંધો બહેકાવવાનો પાકિસ્તાનનો પ્રયાસ ગણાવ્યો. પાકિસ્તાનનાં અફઘાન નાગરિકો પર હુમલા અને ભારતના સમર્થનને લઈને તણાવ વધ્યો છે એમ કહેવાયું. ભારતે બોર્ડર રોડ્સ (BRO) પ્રોજેક્ટ્સમાં રૂ. ૫,૦૦૦ કરોડનું રોકાણ કર્યું, જે ‘ઓપરેશન સિંદૂર’ની કહેવાતી સફળતા સાથે જોડાયેલું છે. આ સંબંધોમાં બંને દેશોની વ્યૂહાત્મક તાકાત અને નબળાઈઓ સ્પષ્ટ દેખાય છે, જે પ્રાદેશિક અસ્થિરતાને વધારે છે. અમેરિકાએ અનેક વખત ભારત-પાકિસ્તાન યુદ્ધ પોતે બંધ કરાવ્યું તેવી વાત કહી પણ ભારતે કોઈ અગમ્ય કારણસર એનો જવાબ આપવાનું ટાળીને માત્ર એટલું જ કહ્યે રાખ્યું કે યુદ્ધ રોકવાનો નિર્ણય બંને દેશના ડાયરેક્ટર જનરલ ઓફ મિલીટરી ઓપરેશન્સ દ્વારા લેવામાં આવ્યો હતો.

‘ઓપરેશન સિંદૂર’ થકી ભારતે મિસાઈલ અને ડ્રોન ક્ષમતા દર્શાવી, જેણે પાકિસ્તાનને પાછા હટવા ફરજ પાડી.

ઈન્ડસ વોટર ટ્રીટી સ્થગિત થવાને કારણે પાકિસ્તાનની પાણી સુરક્ષા જોખમમાં છે, જ્યારે ભારત અફઘાનિસ્તાન સાથે વેપાર વધારી રહ્યું છે. અફઘાનિસ્તાનનું પ્રતિનિધિમંડળ ભારત પણ આવી ગયું જેણે ઉષ્માભર્યો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ તણાવની વચ્ચે ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલ ૫૦% ટેરિફ અને સીઝફાયર ક્રેડિટ વિવાદથી ભારત-યુએસ સંબંધો ખરાબ થયા, જે ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતાને પડકારે છે.

પાકિસ્તાન અત્યારે ચોતરફથી ઘેરાયેલું છે. IMFની $૧.૨ અબજની મદદની અપેક્ષા વચ્ચે વેપાર અટકવાથી અર્થતંત્ર ખાડામાં છે. બલુચ અને અફઘાન સરહદ તણાવ વધ્યો છે. જો કે સાઉદી અરબ સાથે તેની ડિફેન્સ ડીલથી ભારતને મિડલ ઈસ્ટમાં નુકસાન થયું છે. આ સમગ્ર તણાવથી દક્ષિણ એશિયામાં પરમાણુ યુદ્ધનું જોખમ વધ્યું છે. ચીનની ભૂમિકા વધી છે અને અમેરિકા પણ પાકિસ્તાન તરફ ઢળેલું દેખાય છે. આમ, ભારત-પાકિસ્તાન સંબંધો મે ૨૦૨૫થી વધુ અસ્થિર બન્યા છે જે ન્યૂક્લિયર વોરનું વૈશ્વિક જોખમ વધારે છે, પરંતુ ડિપ્લોમસીથી જ શાંતિનો માર્ગ ખુલશે, નહીં તો પ્રાદેશિક અસ્થિરતા વધશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ઈટાલીમાં સ્ત્રીહત્યા વિરોધી કાનૂન પસાર કરાયો

માત્ર સ્ત્રી હોવાના નાતે, એટલે કે લિંગભેદના કારણસર થતી સ્ત્રીહત્યા (fermicide) વિરોધી કાનૂન પસાર કરવા માટે ઈટાલીમાં સરકાર પર વિરોધપક્ષે તેમજ વિવિધ સંગઠનો દ્વારા માગણી કરવામાં આવતી હતી. ઈટાલી સંસદે આખરે તે કાનૂન પસાર કરીને લિંગભેદ સામે આક્રમક વલણ અપનાવ્યું છે. ભારતમાં ભૃણહત્યા વિરોધી કાનૂન 1994 થી અમલમાં છે પરંતુ તે કાયદાના નબળા અમલના કારણે ભૃણ હત્યા કરવા માટેની હાટડીઓ ધમધમે છે. દેશમાં 21મી સદીમાં યુવતીએ અન્ય નાત કે વિધર્મી યુવક સાથે લગ્ન કરેલ હોવાના કારણસર તેણીની હત્યા કરવામાં આવે છે. તેના પર પ્રતિબંધ લગાવવાનો કાનૂન આપણા દેશમાં નથી. ઈટાલીની જેમ ભારતમાં પણ આવો કાનૂન જરૂરી છે. અલબત્ત, તેના અમલની અસરકારકતાનો પ્રશ્ન રહેશે જ.

**બનાસકાંઠા- અશ્વિનકુમાર ન. કારીઆ**

### સોનમ વાંગચુકની મુક્તિ ક્યારે?

પ્રયોગશીલ શિક્ષક, ઉત્તમ સંશોધક અને પર્યાવરણપ્રેમી લદાખી શ્રી સોનમ વાંગચુકને લેહમાં થયેલ હિંસક તોફાન માટે સીધેસીધા જવાબદાર ઠેરવી તેમની ૨૬ સપ્ટેમ્બરના રોજ NSA હેઠળ ધરપકડ કરવામાં આવી. યાદ રહે, આ તોફાન પહેલાં સોનમ અને તેમનાં સાથીદારોએ તેમની કેટલીક માંગણીઓ માટે ગાંધીચિંધ્યા માર્ગે પાંચ વર્ષ સુધી આંદોલન, ઉપવાસ તેમજ દિલ્હી સુધી શાંતિકૂચ કરી સરકારને હલાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ અકળ કારણોસર સરકારના પેટનું પાણી હાલ્યું નહોતું. સોનમની મુક્તિ માટે તેમનાં પત્નીએ સર્વોચ્ચ ન્યાયાલયમાં ધા નાંખી છે. દેખીતી રીતે અસ્પષ્ટ અને ઉપજાવી કાઢેલાં કારણો હેઠળ સોનમ જેવા ઉમદા વ્યક્તિની NSA જેવાં કડક કાનૂન હેઠળ ધરપકડ એ લોકશાહી મૂલ્યો પર કુઠારાઘાત સમાન હોઈ તેમની તાકીદે મુક્તિ થવી આવશ્યક છે.

**કમલેશ આર. મોદી છાપરા રોડ, નવસારી**

### દ.ગુજરાતમાં વાઘ લાવો

તા. ૬-૧૨-૨૫નાં ‘ગુજ-મિત્ર’ માં- દક્ષિણ ગુજરાતમાં પણ વાઘ દેખાય એવી સંભાવના અંગે લેખમાં વાઘ રાજવંશી પ્રાણી ગણાય, તેનો દેખાવ, તેની રાજાશાહી ચાલ ખરેખર અદભૂત છે.

દક્ષિણ ગુજરાતમાં વાઘ, દીપડા, હરણ વિગેરે હતા જ. એક વાત લખવી છે, મારા બાપા કાચના વાસણની ફેરી કરતા, લગભગ ૧૯૪૫-૫૦ના અરસામાં બારડોલી ગયેલા, એ વખતે રેલ્વે સ્ટેશનથી વસ્તી વાળુ ગામ દૂર હતું અને વચ્ચે જંગલ આવતું હતું. સંધ્યા સમય થઇ ગયેલો, બાપાને એમ કે ઝટપટ ગામમાં પહોંચી જાવ. નીકળ્યા પણ ખરા, પરંતુ થોડે દૂર વાઘ આવતો જણાયો. એ તો વાસણનો ટોપલો નીચે મુકી એક ઝાડ પાછળ સંતાઇ ગયા. વાઘ અને કુદરતને ગાઢ સંબંધ છે. વાઘ પ્રકૃતિની પારાશીશી છે. આ અંગે મે ૧૫-૧૦-૨૦૦૫ના ‘‘ગુજરાતમિત્ર’’ માં ચર્ચાપત્ર લખી જણાવેલુ કે ‘વાઘ છે પારાશીશી અને દર્પણ’ મહાત્મા ગાંધી એવુ બોલેલા કે વાઘને જે પ્રદેશ ગમી જાય એ પ્રદેશ ખરેખર મજાનો પ્રદેશ હોય છે. ગાંધીજીનો આ વિચાર ખરેખર ઊંડા અભ્યાસ અને પરિપક્વ વિચારમાંથી ઉદ્દભવ્યો છે.’’ હવે આ રાજવંશી વાઘને ગુજરાતના દક્ષિણ ગુજરાતના જંગલોમાં પાછો લાવો એ એના પૂર્વજોનો વિસ્તાર છે, ધારાસભ્યો અને સાંસદો આ માંગણી કરવા માંડો. વાઘ જેવી ગર્જના રાખી બોલજો.

**અડાજણ, સુરત- ભરતભાઈ આર પંડ્યા**

### નિસ્બતપૂર્વકનું લખતાં, વાંચન શીખવું ખૂબ જરૂરી છે

તા. 5/12/25ના પોતાના લેખમાં ઉપરોક્ત વિષય સંદર્ભે કાર્તિકેય ભટ્ટે ખૂબ સુંદર ચર્ચા કરી છે. તેમને અભિનંદન. આપણે બોલકા ભારતીયો ખૂબ બોલબોલ કરીએ, લખવું વાંચવું એ સંવાદિતાના માધ્યમનો ખૂબ જ ઓછો ઉપયોગ કરીએ છીએ. ભાગવત કથા, રામાયણ, મહાભારત ટીવી સિરિયલો જોવા લાખ્ખો લોકો દિવસોને કલાકો બગાડી રહ્યા છે. પરિણામે આપણી સમજ બીજા પર આધારિત બને છે. એ બતાવે તેટલું આકાશ આપણે જોઈએ છીએ. પણ લોકશાહી વ્યવસ્થા મજબૂત થાય તેવું લખાતું-વંચાતું નથી. આપણે આપણી સમસ્યા અંગે પાનને ગલ્લે મંદિરને ઓટલે, બાગબગીચામાં, ટ્રેન-બસ મુસાફરીમં તે માટે જરૂર ચર્ચાઓ કરીએ છીએ. પણ તે માટે કાગળ પેન લઈ, સત્તાવાળાને લેખિત ફરિયાદ કરતા નથી. ઉદાહરણ તરીકે વ્યારા-સોનગઢ વિ. નગરોમાંથી રોજ સેંકડો લોકો ગુજરાત / મહારાષ્ટ્રની બસોમાં આવજાવ કરે છે. બસમાં ગરદી રહેલી હોવાથી કલાકો સુધી ઊભા ઊભા મુસાફરી કરી ત્યાં પહોંચે છે. સુરત ભુસાવળ રેલ્વે લાઈન પર રોજની સુપરફાસ્ટ ઘણી બધી ટ્રેનો દોડી રહી છે. બસ મુસાફરીની સમસ્યા રોજ મુંગે મોઢે સૌ સહન કરે છે. પણ તે કાગળ પર લખી, નવાપુર - સુરત વચ્ચે એક મેમું ટ્રેન દિવસમાં પાંચ વખત આવજાવ કરે તેવી દોડાવવા માંગણી કરતું નથી. આપણા રોજીદી સમસ્યાને કાગળપર લખી યોગ્ય સત્તાધીશોને પહોંચાડીશુ નહીં તો આપણી સમસ્યા કદી હલ થશે નહીં.

**વ્યારા - પ્રકાશ સી.શાહ**

### તફાવત સમજવો જ રહ્યો

વિશ્વમાં અનેક મહાન લેખકો અને સર્જકો થઈ ગયાં છે કે જેઓ પોતાના જીવનમાં અમૂલ્ય પ્રદાન કરી ગયાં. એવા જ એક સર્જક એટલે માર્ક ટ્વેઈન. હાલમાં જ એમનું એક વાક્ય વાંચવાનું થયું. એમણે કહ્યું હતું કે; ‘‘તમે ભૂખ્યા કૂતરાને ખવડાવશો અને એની સંભાળ લેશો તો એ કદી પણ તમને કરડશે નહીં. માણસ અને કૂતરામાં આટલો તફાવત છે.’’ આ વાક્યમાં બહુ જ કડવી વાત બહુ જ વેધક રીતે રજૂ થઈ છે. આ વાકયમાં રહેલો ગર્ભિતાર્થ ખૂબ જ માર્મિક છે અને સ્વયંસ્પષ્ટ છે એટલે વિશેષ ચર્ચાને કોઈ અવકાશ નથી.પરંતુ આ વાક્ય સંદર્ભે આપણે, આપણી કક્ષા વિશે વિચારવું રહ્યું એવું નોંધવાનું જરૂર પ્રાપ્ત થાય છે.

**નવસારી - ઈન્તેખાબ અનસારી**

### દેવડીનો રસ્તો ખુલ્લો કરો

સરકાર તો સરકાર છે, તેમાં શક્તિ હોવી જોઈએ. અશક્તિ નહી. અને સોદેબાજી તો બિલકુલ નહીં. અને જો એ સોદેબાજી પ્રજાની સગવડના ભોગે હોય તો એ બહુ મોટું પાપ છે. હું વાત કરી રહ્યો છું ઝાંપાબજાર સ્થિત દેવડીના રસ્તા વિશે, જે નવસારી બજારના કબ્રસ્તાનના રસ્તાના બદલે વાહનચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. સરકાર આ કામ સોદેબાજી કર્યા વગર પણ નવસારી બજારના કબ્રસ્તાનની જગ્યાનું અધિગ્રહણ કરીને કરી શકી હોત. આમાં આખા રાણાવાડના રહીશોને, જો તેઓ ઝાંપાબજાર આવવા માંગતા હોય તકલીફ થાય છે. જે રહીશો સલાબતપુરા બાજુ રહેતા હોય છે, તેમના માટે તો આ નિર્ણય અત્યંત તકલીફદાયક સાબિત થયો છે.

કારણ કે તેઓ જ્યારે ભાગળ - ચોકે તરફથી આવતા હોય છે ત્યારે ઝાંપાબજાર સળીયામાર્કેટ પાસેની ટ્રાફિકથી બચવા માટે તેઓ બિલાડીગલી કે દેવડીની ગલીમાંથી પસાર થઈ મુરગવાન કે સલાબતપુરા બાજુ સરળતાતી નીકળી શક્તા હતા. હવે તેમને ફરજિયાત ઝાંપાબજાર સળિયામાર્કેટની ટ્રાફિકનો સામનો કરવો પડશે. કેવી લાચારી! અને આનાથી ઝાંપાબજાર સળિયામાર્કેટનો ટ્રાફિક પણ વધી જવાનો, વારંવાર જામ થવાનો ભય વધી ગયો છે. લાગવગના જોરે કોઈ સમૂહ એક આખે આખો રસ્તો ગળી જાય અને સરકાર પોતે સોદેબાજી કરી આખું કારસ્તાન પાર પાડે એ શોભાસ્પદ નથી. સ્થાનિક સ્વરાજ્યથી વિનંતી છે કે તે આ ઠરાવને પલટાવી લોકોને રાહત પહોંચાડે. જો દેવડી પર સામાન્યજનોના પગલા પડતા રહેશે તો તે આબાદ રહેશે, નહીંતર તે પણ ભેંકાર ભાસશે.

**સુરત - એક નાગરિક**

# મારાં માતાપિતાએ બંધુત્વ અને ભેદભાવ ન કરવાની ભાવનાને સમર્થન આપ્યું હતું

**મારાં માતાપિતા એવી પેઢીનાં હતાં જ્યારે વ્યક્તિ પોતાની દેશભક્તિને બનાવટી બડાઈ મારવાને બદલે શાંત સેવા દ્વારા વ્યક્ત કરતી હતી**

સમયાંતર

રામચંદ્ર ગુહા

આ કોલમમાં મારા પરિવારનો ઉલ્લેખ નથી થયો, પરંતુ હવે મારે એક અપવાદ કરવો પડશે. કારણ કે, મારી માતા ગયા અઠવાડિયે મૃત્યુ પામી મારા પિતાના અવસાનનાં બાર વર્ષ પછી. તેઓ વધુ પ્રખ્યાત ન થયાં, પરંતુ તેઓ બંને અનુકરણીય માતાપિતા હતાં અને તેમને યાદ કરવા માટે કેટલીક બીજી બાબતો પણ હોઈ શકે છે.

મારાં માતાપિતા એવી પેઢીનાં હતાં જ્યારે વ્યક્તિ પોતાની દેશભક્તિને બનાવટી બડાઈ મારવાને બદલે શાંત સેવા દ્વારા વ્યક્ત કરતી હતી. હું અહીં તેમના વિશે જે લખી રહ્યો છું તેમાં વાચકો એવાં લોકો સાથેના સ્નેહને ઓળખશે જેમને તેઓ ખુદ જાણતાં હતાં પછી ભલે તે માતાપિતા હોય, કાકા-કાકી, શિક્ષકો કે ડૉક્ટર તરીકે હોય, જેમનામાં આજે જમીન પર ખૂબ જ ઓછાં જોવા મળતાં શિષ્ટાચાર અને નૈતિકતા હતાં.

મારા પિતા, સુબ્રમણ્યમ રામદાસ ગુહાનો જન્મ 1924માં એક સમયે ઉટાકામુંડ તરીકે ઓળખાતા પહાડી શહેરમાં થયો હતો. 23 વર્ષ બાદ તેમના જન્મસ્થળ પર ગયા ત્યારે તેમની મુલાકાત વિશાલાક્ષી નારાયણમૂર્તિ નામની એક યુવતી સાથે થઈ અને તેના પ્રેમમાં પડ્યા. તે સમયે તેઓ મહાન ભૌતિકશાસ્ત્રી જી. એન. રામચંદ્રન સાથેના વિદ્યાર્થી જૂથમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં પી.એચડી. પૂર્ણ કરી રહ્યા હતા. વિદેશની યુનિવર્સિટીમાંથી પોસ્ટડોક્ટરલ શિષ્યવૃત્તિ માંગવા પર તેમને મળી ગઈ હતી, પરંતુ હૃદયની બાબતોએ તેમને દેહરાદૂન સ્થિત ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (એફ.આર.આઈ.)માં નોકરી કરવા મજબૂર કર્યા, જ્યાં વિશાલાક્ષીના પિતા કામ કરતા હતા. મારા પિતા 1948માં એફ.આર.આઈ.માં જોડાયા અને ત્રણ વર્ષ પછી મારી માતા સાથે લગ્ન કર્યાં. તેઓ નિવૃત્તિ સુધી તે જ નોકરીમાં રહ્યા.

મારા પિતા સરકારી કર્મચારીઓના પરિવારના હતા. એક ભાઈ વાયુસેનામાં હતા, એક બહેન આર્મી નર્સિંગ સર્વિસમાં હતી. એક કાકા અને એક સાળા, તેમની જેમ વૈજ્ઞાનિક હતા, જે તેમનાં સંશોધનો જાહેર હેતુઓ માટે કરતા હતા. મારા પિતા પોતે ‘ભારત સરકાર’ શબ્દોનો ઉપયોગ વાસ્તવિક અને સંપૂર્ણ આદર દર્શાવતા સ્વરમાં કરતા હતા. તેઓ માનતા હતા કે, સરકારી મિલકતનો ઉપયોગ ક્યારેય ખાનગી હેતુઓ માટે થવો જોઈએ નહીં. તેઓ સરકારી કારનો ઉપયોગ ધિક્કારતા હતા, તેમની દરરોજ સાઈકલથી લેબોરેટરી પર આવવા-જવાનું પસંદ કરતા હતા.

જાહેર સેવા પ્રત્યેની આ પ્રતિબદ્ધતાની સાથે મારા પિતા સામાજિક ભેદભાવની પણ અવગણના કરતા હતા. તે સમયે આવી અન્ય ભારતીય સંસ્થાઓની જેમ, એફ.આર.આઈ.ના સાયન્ટિફિક કેડરમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. તેમના પુત્રો તેમના વંશ વિશે ગર્વથી કહેતા હતા કે કેવી રીતે તેમના પિતા અને પોતે દર વર્ષે તેમની જનોઈને એકસાથે બદલતા હતા. જો કે, મારા પિતાએ તેમના ઉચ્ચ જાતિમાં જન્મ લેવાની નિશાનીવાળી જનોઈ પહેરવાનો ઈનકાર કર્યો હતો અને મને પણ તે પહેરવાથી રોક્યો હતો. મારા પિતાને જાતિ ઉચ્ચ-નીચ પ્રત્યે અણગમો તેમની કૌટુંબિક પૃષ્ઠભૂમિમાંથી આવ્યો હતો. તેમના પોતાના પિતાના ભાઈ અગ્રણી સમાજસુધારક, આર. ગોપાલસ્વામી ઐયર (૧૮૭૮-૧૯૪૩) હતા, જેમણે મૈસુર રાજ્યમાં અસ્પૃશ્યોની મુક્તિ માટે ચળવળનું નેતૃત્વ કર્યું હતું.

બાળપણમાં બેંગ્લોરના ચામરાજપેટ વિસ્તારમાં તેમના સંયુક્ત પરિવારના ઘરમાં રહેતા હતા. મારા પિતા તેમના કાકાને સવારે વહેલાં ઊઠતાં જોતાં અને તેમની સાઈકલ પર બેંગ્લોર શહેરમાં અને તેની આસપાસ દલિત બાળકો માટેનાં અનેક છાત્રાલયોની મુલાકાત લેતા.

મારી માતા વધુ રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાંથી હતી, છતાં મદ્રાસ અને દિલ્હીમાં કોલેજ વિદ્યાર્થી તરીકેનું જીવન અને દેહરાદૂન ખાતે એક બિનસાંપ્રદાયિક શાળામાં ટીચર તરીકેની કારકિર્દીને કારણે તેણી પણ વ્યક્તિની આવક અથવા સામાજિક સ્થિતિ અનુસાર તેનું મૂલ્યાંકન કરવામાં અચકાતી હતી.

એક સ્કૂલ ટીચર તરીકે મારી માતાએ મારા પિતા કરતાં પણ વધુ લોકોના જીવનને સ્પર્શ કર્યો. બે દાયકાથી વધુ સમય સુધી તેમણે દહેરાદૂન કેન્ટોનમેન્ટમાં આવેલી કેમ્બ્રિયન હોલ નામની શાળામાં હિન્દી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને ભૂગોળ શીખવ્યું. તેમણે જાતિ, વર્ગ, ધર્મ અથવા કદાચ સૌથી મહત્ત્વપૂર્ણ - શીખવાની ક્ષમતાના આધારે તેમનાં વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ કરવાનો ઈનકાર કરી દીધો. તેણીને તેના વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રેમ કરતાં હતાં, જેઓ મેટ્રિક પાસ થયા પછી વર્ષો સુધી તેમની સાથે સંપર્કમાં રહેતાં હતાં. દરેક શિક્ષક દિવસે તેણીને ફોન કોલ્સનો પ્રવાહ આવતો હતો તેમજ 50 કે 60 વર્ષ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમના પ્રિય ‘મેડમ ગુહા’ માટે ફૂલોનો ગુલદસ્તો લઈને વ્યક્તિગત મુલાકાત લેતાં હતાં.

> **મારા પિતાએ તેમના ઉચ્ચ જાતિમાં જન્મ લેવાની નિશાનીવાળી જનોઈ પહેરવાનો ઈનકાર કર્યો હતો અને મને પણ તે પહેરવાથી રોક્યો હતો. મારા પિતાને જાતિ ઉચ્ચ-નીચ પ્રત્યે અણગમો તેમની કૌટુંબિક પૃષ્ઠભૂમિમાંથી આવ્યો હતો**

મારી માતાના મૃત્યુ પછી મને ફરીથી સમજાયું છે કે શિક્ષણ - અને ખાસ કરીને શાળાશિક્ષણ - સૌથી ઉમદા વ્યવસાય હોઈ શકે છે. શિક્ષકો જે ખુદને શેર કરે છે અને આપે છે તેવું અન્ય વ્યવસાયોમાં ઓછું હોય છે, કદાચ નથી હોતું. જો કે તેણી 41 વર્ષ પહેલાં નિવૃત્ત થઈ હતી. મને એ લોકોના સંદેશાઓનો અનંત પ્રવાહ મળતો રહ્યો છે, જેમને મારી માતાએ ભણાવ્યાં હતાં. જેઓ ખુદ સફળ શિક્ષણવિદો, અભિનેતાઓ, સૈન્ય અધિકારીઓ, ફાઈટર પાઈલટ્સ, લેખકો, ડોક્ટરો, કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સ - અને શિક્ષકો પણ બન્યાં છે.

મારા પિતાનું 2012ના નાતાલના દિવસે 88 વર્ષની વયે અવસાન થયું હતું. તેમની છેલ્લી બીમારીમાં તેમને બે પડોશીઓ હોસ્પિટલમાં લઈ ગયા હતા, જેઓ તેના મિત્રો પણ બની ગયા હતા. તેમનું નામ અબ્બાસ અને રાધાકૃષ્ણ હતું. મારી માતા હવે બેંગ્લોરના કોરામંગલા વિસ્તારમાં તેમના ઘરથી નીકળી ગયાં હતાં, ત્યારથી તેઓ મારી બહેન અને મારી સાથે વારાફરતી રહેતાં હતાં. તેમને વૃદ્ધાવસ્થા જેવી સામાન્ય બીમારીઓ હતી, પરંતુ પરિવાર, મિત્રો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સાથમાં રહેવામાં તેઓ ખુશ હતાં. જો કે, તેઓ ક્યારેય રાજકીય વ્યક્તિ નહોતા. તેમણે એ વાત જાહેર કરી દીધી કે હિન્દુત્વના કટ્ટરતાના વધતા પ્રવાહે તેમને નિરાશ કર્યાં હતાં. નહેરુ યુગના બહુલવાદી, બધાને સાથે લઈને ચાલવાના માહોલથી ઘડાયેલી વ્યક્તિ માટે એ વિચારવું કે, આ ભૂમિ પર ફક્ત તેમના સાથી હિન્દુઓનો જ પહેલાંથી અને માલિકીનો અધિકાર છે તે વિચાર ઘૃણાસ્પદ હતો. જેમ મને હવે યાદ છે, દેહરાદૂન ખાતે બે સહકર્મી જેમની સલાહને તેઓ ખાસ મહત્ત્વ આપતાં હતાં તેમનું નામ ડેઝી બટલરવ્હાઈટ અને નિઘાટ રહેમાન હતા અને બેંગ્લોરમાં વર્ષોના સૌથી પ્રિય મિત્રોમાં લઈક અને ઝફર ફુતેહલી નામનું એક દંપતી હતું.

મારો જન્મ અનેક પ્રકારના વિશેષાધિકારો સાથે થયો હતો - એક હિન્દુ તરીકે, જે હિન્દુઓના પ્રભુત્વવાળા અને હિન્દુઓ દ્વારા સંચાલિત દેશમાં રહેતો હતો, એક બ્રાહ્મણ તરીકે, જે જાતિ ભેદભાવમાં ડૂબેલો હતો. એક એવા સમાજમાં એક માણસ તરીકે જે પુરુષપ્રધાન વિચારધારાથી એટલો બગડેલો હતો, એક એવા રાષ્ટ્રમાં એક અસ્ખલિત અંગ્રેજી બોલનાર તરીકે જ્યાં તે ભાષા ઘણા દરવાજા ખોલે છે. આ કમાયા વગરના ફાયદાઓએ મારા જીવનની સફરને અન્યથા કરતાં ઘણી વધુ આરામદાયક બનાવી છે. આમ છતાં મારાં માતાપિતાનાં ઉદાહરણે મને એ અહેસાસ કરાવ્યો કે મોટા ભાગનાં અન્ય ભારતીયો કેટલા ઓછા વિશેષાધિકાર ધરાવતા હતા. જેમ જેમ હું તેમના જીવન પર નજર નાખું છું, તેમ તેમ હવે હું સ્પષ્ટપણે જોઈ શકું છું કે, મારાં માતાપિતાએ બંધુત્વ અને ભેદભાવ ન કરવાની ભાવનાને સિદ્ધાંત કરતાં વ્યવહારમાં, ચૂપચાપ અને સમજ્યા-વિચાર્યા વિના સમર્થન આપ્યું હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.